ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૫૮/૨૦-૨૧/ 237 તારીખ : 19 JAN 2021

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
**શ્રી ઠાસરીયા અજીમભાઈ અલાદભાઈ,**
ઠે.જોરાવર પરા, મેઈન રોડ,
મું. ચુડા,
**જી.સુરેન્દ્રનગર.**
**મો.નં.**

કેસ નં.૫૮/૨૦-૨૧

**વિષય : ખેતીવાડીનું સોલાર વિજ કનેકશન ન મળવા બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૨૩/૧૦/૨૦૨૦ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૨૮/૧૦/૨૦૨૦.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૫૮/૨૦-૨૧/૩૭૭૬ તા.૦૨/૧૧/૨૦૨૦.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૫૮/૨૦-૨૧/૪૪૫૭ તા.૨૮/૧૨/૨૦૨૦.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૦૮/૦૧/૨૦૨૧** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:- ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **લીંબડી.**

***......ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.***

**નકલ રવાના:-**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **સુરેન્દ્રનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) નાયબ ઈજનેરશ્રી, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, ચુડા.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

**(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)**

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

**<u>કેઈસ નંબર – ૫૮/૨૦–૨૧</u>**

વાદી :– **શ્રી ઠાસરીયા અજીમભાઈ અલાદભાઈ,**

**વિરૂધ્ધ**

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

**<u>રજુઆતની તારીખઃ– તા.૦૮/૦૧/૨૦૨૧</u>**

હાજર રહયા :– **શ્રી ઠાસરીયા અજીમભાઈ અલાદભાઈ – (વાદી પોતે)**

પ્રતિવાદી :– **શ્રી એસ.કે.ખાંટ, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, લીંબડી.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી ઠાસરીયા અજીમભાઈ અલાદભાઈ, મું.ચુડા, જી.સુરેન્દ્રનગર ની ખેતીવાડીનું સોલાર વિજ કનેકશન ન મળવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૫૮/૨૦–૨૧ થી નોંધી તેમાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગર ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૫૮/૨૦–૨૧/૩૩૭૬ તા.૦૨/૧૧/૨૦૨૦ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **<u>તા.૦૮/૦૧/૨૦૨૧</u>** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી પોતે શ્રી ઠાસરીયા અજીમભાઈ અલાદભાઈ હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી એસ.કે.ખાંટ, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, લીંબડી ઉપસ્થિત રહેલ.

**<u>વાદીશ્રીની રજુઆત</u>:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ ઉપરોકત વિષય અનુસંધાને જણાવવાનું કે, મેં રાજય સરકારની સોલાર વિજ કનેકશન ની યોજના અંતર્ગત ૭.૫ હોર્સ પાવર માટે તા.૧૭/૬/૨૦૧૬ ના રોજ રસીદ નં–૬૦૨૬૦૯ થી ફી ભરેલ છે. છતાં પણ હજુ મને કનેકશન ફાળવવામાં આવેલ નથી.

૧.૨ તેમજ મને આખરી નોટીસ આપી કહે છે કે, તમે વિજ કનેકશન લઈ લો નહીતર તમારી અરજી રદ બાતલ ગણવામાં આવશે પણ મેં તો, સોલાર કનેકશન ની અરજી કરેલ છે તો, પછી મારે સોલાર વિજ કનેકશન જ મળવું જોઈએ તો આપ સાહેબ ને નમ્ર વિનંતી કે આ બાબતે યોગ્ય ઘટતું કરશો.

Consumer Grievance Redressal Forum * P.G.V.C.L. Bhavnagar.

☞ <u>પ્રતિવાદીશ્રીની રજૂઆતઃ– તેમની રજૂઆત છે કે,</u>

૨.૧ સદર વાદીશ્રીની રજૂઆત અન્વયે, નાયબ ઈજનેર, પેટા વિભાગીય કચેરી, ચુડા ના જણાવ્યા મુજબ સદર વાદી તા.૧૭/૬/૨૦૨૦ ના રોજ તાલુકાના ચુડા ગામમાં ખેતીવાડી હેતુનું સોલાર પંપ સેટ વડે નવું વિજ જોડાણ લેવા માટે પહોંચ નં–૬૦૨૬૦૯ વડે રૂા.૨૦૦/– અને પહોંચ નં–૬૯૧૯૯૭ વડે રૂા.૧૦૦૦/– ભરીને અરજી કરેલ હતી.

૨.૨ પરંતુ, કોર્પોરેટ ઓફીસ પત્ર નં– PGVCL/PROJ/1/SWP/616 dtd.03.07.2019 ની સૂચના મુજબ સોલાર પંપ સેટ લેવા માટે ભરવામાં આવેલ ચાર્જ, અરજદારને પરત કરવા જણાવેલ. જે અનુસંધાને અત્રેની કચેરી દ્વારા તા.૧૮/૯/૨૦૧૯ ના રોજ ચેક નં–૮૬૪૭૧૧ વડે વાદીશ્રી ને પરત કરવામાં આવેલ છે અને ટ્રાન્સફોર્મર વડે ખેતીવાડી નું વિજ જોડાણ મેળવવા પત્ર નં– CSD/TECH/7335 dtd.23.11.2020 થી પેટા વિભાગીય કચેરી, ચુડા દ્વારા વાદીશ્રી માર્ગદર્શન પણ આપવામાં આવેલ છે.

૨.૩ જે આપ સાહેબશ્રી ની જાણ તેમજ યોગ્ય કાર્યવાહી સારૂં.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar.

☛ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અરજદાર ઠાસરીયા અજીમભાઈ અલાદભાઈ એ ચુડા ગામમાં સોલાર ઈરીગેશન પંપ યોજના હેઠળ તા.૧૭/૬/૨૦૧૬ ના રોજ ખેતીવાડી હેતુ માટે સોલાર પંપ નું વિજ જોડાણ લેવા માટે રૂા. ૧૦૦૦/– ભરીને અરજી નોંધણી કરાવેલ છે.

૩.૨ પ્રતિવાદી તેઓની કોર્પોરેટ ઓફીસની સૂચના મુજબ વાદીની અરજી રદ કરી તા.૧૮/૯/૨૦૧૯ ના રોજ વાદીએ ભરેલ રજી.ચાર્જ ચેક નં–૮૬૪૭૧૧ થી પરત કરેલ. જેથી વાદીએ ફોરમને સોલાર ઈરીગેશન પંપ સ્કીમ હેઠળ કનેકશન મેળવવા ફોરમને રજૂઆત કરેલ છે.

૩.૩ પ્રતિવાદીએ ફોરમને રજૂ કરેલ રજૂઆત મુજબ ગુજરાત સરકાર ના બદલાવેલ નિયમ મુજબ ૭.૫ હો.પા. ના સોલાર પંપ ના વિજ જોડાણ માટેની અરજી રદ કરવાની થતી હોઈ, વાદીને રજી.ચાર્જ પરત આપવામાં આવેલ. તેમજ વાદીને તા.૨૩/૧૧/૨૦૨૦ ના રોજ ખેતીવાડી નું ઈલે. કનેકશન લેવા માટે પત્ર લખેલ અને તે માટેના જરૂરી દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરવા જણાવેલ.

૩.૪ પ્રતિવાદીની કંપનીએ ગુજરાત સરકાર ની સોલાર ઈરીગેશન પંપ સ્કીમ હેઠળ જે તે વખતના નિયમો મૂજબ ૩ હો.પા.અને ૫ હો.પા.અને ૭.૫ હો.પા. ના સોલાર પંપ માટેના વિજ જોડાણો આપવા માટેનો ટાર્ગેટ તેમજ પ્લાનીગ કરેલ. પરંતુ, સરકારશ્રી તેમજ પ્રતિવાદીની વડી કચેરીએ લીધેલા નિર્ણય મુજબ વાદીને ૭.૫ હો.પા. માટેની વિજ જોડાણ ની અરજી રદ કરેલ.

૩.૫ પ્રતિવાદીએ ફોરમને સુનાવણી દરમ્યાન જણાવ્યા મુજબ વાદી સરકારશ્રી ની નવી યોજના પ્રધાનમંત્રી કુસુમ યોજના હેઠળ સોલાર ઈરીગેશન પંપ નું વિજ જોડાણ માંગી શકે છે.

૩.૬ ઉપરના તારણો પરથી વાદીને આજરોજ જણાવેલ છે કે, જો તેઓ સોલાર ઈરીગેશન પંપ નું ખેતીવાડી વિજ જોડાણ લેવા માંગતા હોઈ તો, ફરીથી અરજી નોંધણી કરાવીને પ્રધાનમંત્રી કુસુમ યોજના હેઠળ વિજ જોડાણ માંગી શકે છે.

Consumer Grievance Redressal Forum * P.G.V.C.L. Bhavnagar.

## —:: હુકમ ::—

- વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અનેઉપરના તારણો પરથી હુકમ કરવામાં આવે છે કે, " અરજદાર દ્વારા પ્રધાનમંત્રી કુસુમ યોજના હેઠળ ની સ્કીમમાં ખેતીવાડી વિજ જોડાણ ની માંગણી ની અરજી કર્યે થી પ્રતિવાદીએ આગળની કાર્યવાહી કરવી. "

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

(શ્રીમતી જે.એમ.મેહતા)
સ્વતંત્ર સભ્યશ્રી

(પી.એન.આજકીયા)
ટેકનીકલ સભ્યશ્રી

(એમ.આર.વજરીયા)
અધ્યક્ષશ્રી,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.

તારીખ :– ૦૮/૦૧/૨૦૨૧.

Consumer Grievance Redressal Forum * P.G.V.C.L. Bhavnagar.